PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com

ફોન :-
પાટણ : ૨૩૦૦૬૮/૨૨૦૨૨૮
ફેક્સ : ૨૨૧૩૪૭
હારીજ : ૨૨૨૪૦૪
ઉંઝા : ૨૫૩૪૧૯
અમદાવાદ : ૪૦૨૩૨૧૯૨

ESTD DPT 1956

ડી. પી. ઠક્કર એન્ડ કું.
ડી. પી. ઠક્કર એન્ડ બ્રધર્સ
ટેક્ષ કન્સલટન્ટસ
'શ્રી કુંજ', સ્ટેશન રોડ, પાટણ.

બ્રાન્ચ : નીથી હોસ્પીટલ બિલ્ડીંગ, સ્ટેડીયમ કોમર્સ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૯

ભાઇશ્રી, તા. ૨૫-૫-૨૦૧૫

ઇન્કમટેક્ષ કાયદામાં તારીખ ૧-૬-૨૦૧૫ થી અગત્યના ફેરફારો અમલમાં આવે છે તે સમજવા જરૂરી છે. આ ફેરફારો મુખ્યત્વે નીચે પ્રમાણે છે.

(૧) (૧) સ્થાવર મિલકતના વેચાણની રકમ રૂા.૨૦૦૦૦/- થી વધુ હોયતો એકાઉન્ટ પેઇ ચેક કે ડ્રાફ્ટ કે બેંકના ECS વ્યવહાર મારફત જ લઇ શકાશે. એટલે કે આ રીતે સ્થાવર મિલ્કત વેચાણની રૂા.૨૦૦૦૦/- ની ઉપર ની રકમ રોકડેથી લઇ શકશે નહિ.

(૨) સ્થાવર મિલ્કત વેચાણ અંગે બાનાખત થી જે રકમ લેવામાં આવે તે રકમ પણ રોકડેથી લઇ શકાશે નહિ પરંતુ આવી રકમ એકાઉન્ટ પેઇ ચેક કે બેંક ડ્રાફ્ટ કે બેંકના ECS થી જ લેવાની રહેશે.

(૩) સ્થાવર મિલ્કત વેચાણ ની કે ખરીદીની કે બાનાખત હેઠળની રૂા.૨૦૦૦૦/- ઉપરની રકમ જો રોકડેથી લેવામાં કે આપવામાં આવે તો તેટલી જ રકમનો દંડ વેચનાર તથા ખરીદનાર બંને ને ઇન્કમટેક્ષ કાયદા હેઠળ કરવામાં આવશે.

(૪) કેટલીક વખત બાનાખત રદ કરવામાં આવે છે તે સંજોગોમાં પણ બાનાખત હેઠળની રૂા.૨૦૦૦૦/- થી વધુની રકમ સ્થાવર મિલ્કત વેચનારને એકાઉન્ટ પેઇ ચેક કે બેંક ડ્રાફ્ટ કે બેંકના ECS વ્યવહાર મારફતજ પાછી આપવી જોઇએ નહીતર તેટલી જ રકમનો દંડ ઇન્કમટેક્ષ કાયદા હેઠળ થઇ શકશે.

(૨) સ્થાવર મિલ્કત વેચાણ કરતી વખતે જો સ્ટેમ્પ ડયુટી માટેની જંત્રીની રકમ કરતાં ઓછી રકમનો વેચાણ દસ્તાવેજ કરવામાં આવે તો ઇન્કમટેક્ષ કાયદા હેઠળ સ્થાવર મિલ્કત વેચાણના નફાની ગણત્રી કરતી વખતે જંત્રી પ્રમાણેની કિંમત વેચાણ કિંમત ગણીને નફો ગણવાનો રહે છે.

(૩) તેવીજ રીતે સ્થાવર મિલ્કતની ખરીદી કરતી વખતે દસ્તાવેજમાં દર્શાવેલી રકમ સ્ટેમ્પ ડયુટી માટેની જંત્રીની રકમ કરતાં ઓછી હોય તો તફાવત રકમ સ્થાવર મિલ્કત ખરીદ કરનારની આવક ગણાશે.

(૪) ઇન્કમટેક્ષ ખાતા દ્વારા P.A.No ના આધારે મિલ્કત ખરીદનાર અને વેચનાર ના કેસમાં ખરીદ-વેચાણ દસ્તાવેજની માહિતી જે તે ઇન્કમટેક્ષ ઓફિસમાં મોકલવામાં આવે છે જેના ઉપરથી જે તે ઇન્કમટેક્ષ ઓફિસ માંથી વહેલા કે મોડા આ રીતે જંત્રી કિંમત કરતા ઓછી રકમના વેચાણ દસ્તાવેજ કરનાર વેચનાર અને ખરીદનારના કેસમાં તપાસ થાય છે અને તફાવતની રકમ ઉપર ટેક્ષ તથા દંડ ભરવાનો નીકળે છે.

(૫) એટલે સ્થાવર મિલ્કતની ખરીદી કરનારે અને વેચાણ કરનારે નીચેની બાબતોની ચોકસાઇ કરી અચૂક પાલન કરવું :-

(૧) વેચનારે જંત્રીની રકમ કરતાં ઓછી રકમનો વેચાણ દસ્તાવેજ કરવો નહિ.

(૨) ખરીદનારે ખરીદ કરતી વખતે મિલ્કતનો દસ્તાવેજ જંત્રીની કિંમત કરતાં ઓછી રકમનો કરાવવો નહિ.

(૩) સ્થાવર મિલ્કત ખરીદી નું બાનાખત કરતી વખતે તથા વેચાણ દસ્તાવેજ કરતી વખતે તમામ પેમેન્ટ એકાઉન્ટ પેઇ ચેક કે બેંક ડ્રાફ્ટ કે બેંક ECS વ્યવહારથી કરવું જોઇએ.

(૬) ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ થી આવકવેરા કપાતમાં નીચે પ્રમાણે રાહતો વધારી છે :-

(૧) કલમ 80-D હેઠળ મેડીકલ ઇન્સ્યુરન્સ રૂા.૧૫૦૦૦/- ના બદલે રૂા.૨૫૦૦૦/- સુધીની કપાત બાદ મળવાપાત્ર છે અને તેવી જ રીતે રૂા.૨૦૦૦૦/-ના સ્થાને રૂા.૩૦૦૦૦/- સુધીની કપાત બાદ મળવાપાત્ર છે.

(૨) સુપર સીનીયર સીટીઝન એટલે કે ૮૦ વર્ષ ઉપરના સ્ત્રી અને પુરુષના કેસમાં તબીબી સારવાર માટે કરેલો ખરેખર ખર્ચ રૂા.૩૦૦૦૦/- ની મર્યાદા મળવાપાત્ર છે.

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com

(૩) ગંભીર બીમારી એટલે કે કેન્સર, એઈડસ, ક્રોનીક, રીનલ(કીડની) હીમોફીલીયા તેમજ થેલેસીમીયા અથવા ૪૦% કે તેથી વધુ માત્રામાં ડીસએબીલટી હોય તેવા માનસીક રોગો માટે કરદાતાને કે તેના સગા માટે ખરેખર થયેલો ખર્ચ રૂા.૬૦૦૦૦/- ની મર્યાદામાં બાદ મળવાપાત્ર છે અને સીનીયર સીટીઝન કરદાતાના કેસમાં આવો ખર્ચ રૂા. ૮૦૦૦૦/- ની મર્યાદામાં બાદ મળવાપાત્ર છે.

(૭) ૪૦% થી વધુ ડીસએબીલીટી હોય તેવા શારીરીક કે માનસીક રીતે અશકત આશ્રીતોની તબીબી સારવાર માટે કરેલો ખર્ચ રૂા. ૭૫૦૦૦/- ની મર્યાદામાં બાદ મળવાપાત્ર છે અને ૮૦% થી વધુ ડીસએલલીટી હોય તો તેવા આશ્રીતની તબીબી સારવાર માટે કરેલો ખર્ચ રૂા. ૧,૨૫,૦૦૦/- ની મર્યાદામાં બાદ મળવાપાત્ર છે.

અંધ કે અપંગ કે મંદબુધ્ધીની વ્યક્તીને પણ ૪૦% થી વધુ ડીસએલલીટી હોયતો રૂા.૭૫૦૦૦/- અને ૮૦% થી વધુ ડીસએલલીટી હોયતો રૂા.૧,૨૫,૦૦૦/- ની મર્યાદા માં કપાત બાદ મળવાપાત્ર છે.

(૮) નેશનલ પેન્શન સ્કીમ હેઠળ નવી દાખલ કરેલી જોગવાઇ પ્રમાણે રૂા.૫૦૦૦૦/-સુધીનું રોકાણ કરવામાં આવે તો આવક માંથી બાદ મળવાપાત્ર થશે એટલે કલમ 80-C વિમો પી.પી.એફ ના રૂા.૧૫૦૦૦૦/- ઉપરાંત આ રૂા.૫૦૦૦૦/- બાદ મળશે જો કે આ પેન્શન સ્કીમની જોગવાઇ હવે પછી જાહેર કરવામાં આવશે.

(૯) **દીકરી માટે "સુકન્યા સમૃધ્ધી એકાઉન્ટ સ્કીમ" માં રોકાણ અંગે અગત્યની જોગવાઇઓ :-**

(૧) દીકરીને ૧૦ વર્ષ થાય તે પહેલા આ ખાતુ ખોલાવી શકાય.

(૨) આ ખાતું પોસ્ટ ઓફિસમાં ખોલાવવું પડે.

(૩) શરૂઆતમાં રૂા.૧૦૦૦/- ભરી આ ખાતુ ખોલાવી શકાય ત્યાર પછી નાણાંકીય વર્ષમાં ઓછામાં ઓછા રૂા. ૧૦૦૦/- અને વધુમાં વધુ રૂા. ૧,૫૦,૦૦૦/- સુધી રકમ ભરી શકાય

(૪) આ ખાતુ ખોલાવ્યા પછી ૧૪ વર્ષ સુધી આ ખાતામાં દર વર્ષ વધુમાં વધુ રૂા.૧,૫૦,૦૦૦/- અને ઓછામાં ઓછા રૂા.૧૦૦૦/- ભરી શકાય.

(૫) આ ખાતુ ખોલાવ્યાના ૧૪ વર્ષ પુરા થાય પછી ૭ વર્ષ સુધી કોઇ રકમ ભરવાની નથી.

(૬) દિકરી ૧૮વર્ષ પુરા કરે પછી આ ખાતામાં જે રકમ જમાં હોય તેમાંથી ૫૦% રકમ ઉપાડવી હોયતો ઉપાડી શકાય.

(૭) આ ખાતું ખોલાવ્યાના ૨૧ વર્ષ પુરા થાય પછી આ ખાતુ બંધ થશે અને વ્યાજ સાથે જે રકમ જમા હશે તે પરત મળશે.

(૮) આ ખાતા ઉપર ૯.૨% ઇ.રે. માફ ચક્રવૃધ્ધી વ્યાજ દર વર્ષ મળવાપાત્ર છે.

(૯) જેમના કુટુંબમાં ૧૦ વર્ષ થી ઓછી ઉંમરની દિકરી હોય તેમણે દરેકે આ સ્કીમનો લાભ લેવા સલાહ છે.

(૧૦)દરેક દીકરી દીઠ અલગ અલગ ખાતા ખોલાવી આ યોજના હેઠળ રોકાણ કરી શકાય.

(૧૧)આ સ્કીમ હેઠળ રોકવામાં આવતી રકમ વિમો, પી.પી.એફ. વિગેરેની બાદ મલતી રકમ રૂા.૧,૫૦,૦૦૦/- સાથે ગણવામાં આવશે.

(૧૨)આ સ્કીમ હેઠળ મળવાપાત્ર વ્યાજ પી.પી.એફ વ્યાજની માફક આવકમાં ગણાશે નહિ.

(૧૦) L.I.C. વિમા પોલીસીની ચુકવણી રૂા. ૧ લાખ સુધીની મર્યાદામાં ચુકવવામાં આવેતો પાકતી મુદ્દત પહેલા L.I.C. ઓફિસમાં ફોર્મ 15-G કે ફોર્મ 15-H આપવાથી L.I.C ઓફિસ TDS કરશે નહિ.

(૧૧) રૂા. ૧ લાખથી વધુ રકમના કોઇપણ ચીજ વસ્તુના ખરીદ કે વેચાણ વ્યવહાર સબંધી ખરીદી કરનારે તેનો P.A. No. ફરજીયાત આપવાનો રહેશે.

(૧૨) સ્કુટર, બાઇક, મોટરકાર કે મોટર ટ્રક વિગેરે વપરાશ બાદ વેચાણ કરવામાં આવે ત્યારે રોકડેથી વ્યવહાર નહીં કરતાં ચેકથી વ્યવહાર કરવો સલાહભર્યું છે અને રૂા.૧ લાખથી વધુ રકમની લેવડ દેવડ માટે ખરીદનારનો P.A. No. અને સરનામું લખવું જરૂરી છે.

(૧૩) **TDS ની ચાલુ જોગવાઇઓમાં ફેરફાર :-**

(૧) અત્યારે કો. ઓપરેટીવ બેંક તેના સભાસદને FD ઉપર રૂા.૧૦૦૦૦/- થી વધુ રકમનું વ્યાજ ચુકવે તો TDS કપાત કરવી જરૂરી નથી.

(૨) પરંતુ તારીખ ૧-૬-૨૦૧૫ થી સહકારી બેંકો તેમના સભાસદોને FD ઉપર રૂા. ૧૦૦૦૦/- થી વધુ વ્યાજ

ચુકવે તો વ્યાજ કપાત TDS ૧૦% પ્રમાણે કરવી પડે.

(૩) અલગ-અલગ બ્રાન્ચમાં કે એકજ બ્રાન્ચમાં અલગ-અલગ FD હોય તો પણ નાણાંકીય વર્ષમાં બધી FD ના વ્યાજ નો સરવાળો ગણીને રૂા.૧૦૦૦૦/- થી વધુ થાય તો TDS કરવી પડે.

(૪) અત્યાર સુધી રીકરીંગ ડિપોઝીટ ઉપરના વ્યાજ ઉપર TDS ની જોગવાઈ ન હતી પરંતુ તારીખ. ૧-૬-૨૦૧૫ થી રીકરીંગ ડીપોઝીટ ઉપર ચુકવવાનું વ્યાજ રૂા.૧૦૦૦૦/- થી વધુ થાયતો TDS કરવી પડે.

(૫) મોટર એકસીડેન્ટ કેસ હેઠળ ચુકવાતી વ્યાજની રકમ રૂા.૫૦૦૦૦/- થી વધુ હોયતો તારીખ.૧-૬-૨૦૧૫ થી વ્યાજની ચૂકવણી વખતે TDS કરવી પડે.

(૬) અત્યાર સુધી ટ્રાન્સપોર્ટ ભાડાની ચુકવણી વખતે રસીદ ઉપર ટ્રાન્સપોર્ટરનો P.A.No છાપેલો હોય તો TDS કરવામાં આવતી નથી પરંતુ તારીખ. ૧- ૬-૨૦૧૫ થી સુધારો કરવામાં આવેલ છે કે આવા ટ્રાન્સપોર્ટર ને જો ૧૦ થી વધુ ટ્રક ના હોય તો જ TDS કરવા માંથી માફી મળવાપાત્ર છે.

(૭) એટલે તારીખ. ૧-૬-૨૦૧૫ થી ટ્રાન્સપોર્ટનું ભાડુ ચુકવતી વખતે ટ્રાન્સપોર્ટરની રસીદમાં કે અલગથી ટ્રાન્સપોર્ટરનું સર્ટીફીકેટ હોય કે અમે ૧૦ થી વધુ ટ્રકો ધરાવતા નથી અને P.A.No લખેલો હોય તો જ TDS કરવાની જરૂર નથી. નહીંતર P.A.No લખેલો હોય તો પણ વ્યકિતના કેસમાં ૧% અને પેઢીના કેસમાં ૨% TDS કરવી પડશે. અને જો ટ્રાન્સપોર્ટ રસીદમાં P.A.No લખેલો ના હોય અથવા ટ્રાન્સપોર્ટર ના P.A.No નો અન્ય પુરાવો ના હોય તો TDS ૨૦% કરવી પડે.

(૧૪) સેન્ટ્રલ ગવર્મેન્ટની જાહેર પ્રજાકીય સેવાની કેટલીક પ્રવૃતિઓ એટલે કે (૧) સ્વચ્છ ભારત કોષ (૨) કલીન ગંગાફંડ (૩) નેશનલ ફંડ ફોર કન્ટ્રોલ ઓફ ડ્રગ એબ્યુસ માટે આપવામાં આવેલ દાન કલમ 80-G હેઠળ ૧૦૦% બાદ મળશે.

(૧૫) સને ૨૦૧૫-૧૬ થી સંપતિવેરાનો કાયદો નાબૂદ કરવામાં આવે છે. એટલે ચાલુ વર્ષ FY ૨૦૧૫-૧૬ અને તે પછીના વર્ષો માટે વેલ્થટેક્ષ નું રીટર્ન ભરવાનું રહેશે નહિ.

(૧૬) સને ૨૦૧૪-૧૫ એટલેકે આકારણી વર્ષ ૨૦૧૫-૧૬ માટે ઇન્કમટેક્ષ રીટર્ન ભરવાની મુદત નીચે પ્રમાણે છે.

(૧) જે વેપારીઓને ફરજિયાત ઓડીટ કરાવવાનું જરૂરી નથી તેમણે તારીખ-૩૧-૭-૨૦૧૫ સુધીમાં રીટર્ન ભરવું ફરજીયાત છે.

(૨) એટલે કે જે વેપારીઓનું ટર્ન ઓવર રૂા.૧ કરોડ થી ઓછુ હોય તથા જે કમીશન એજન્ટ ને ઓડિટ કરાવવું ફરજિયાત ના હોય તેવા વેપારીઓએ તથા પગાર, વ્યાજ, ભાડાની કે કેપીટલ ગેઇનની આવક હોય તે તમામ વ્યકતી, H.U.F. કે ભાગીદારી પેઢીઓ એ તારીખ.૩૧-૭-૨૦૧૫ સુધીમાં રીટર્ન ભરવું જરૂરી છે.

(૩) જે વેપારીઓને ફરજિયાત ઓડિટ કરાવવું જરૂરી છે. તેમણે તારીખ.૩૦-૯-૨૦૧૫ સુધીમાં રીટર્ન ભરવું ફરજીયાત છે.

(૪) કંપનીના કેસમાં રીટર્ન ભરવાની મુદત તારીખ.૩૦-૯-૨૦૧૫ સુધી છે.

(૧૭) ઇન્કમટેક્ષ રીટર્ન ભરવા માટે નીચે પ્રમાણે ની વિગતો મોકલવી જરૂરી છે.

(૧) પગાર આવક માટે સેલેરી સર્ટીફીકેટ

(૨) મકાન ભાડાની આવક માટે (૧) મિલકતનો નંબર (૨) ભાડુ આપનારનું નામ તથા સરનામું તથા P.A.No (૩) ભાડાની રકમ, મકાન માલીક મ્યુનીસીપલ ટેક્ષ ભોગવતા હોય તો મ્યુ. ટેક્ષ ની પાવતી (૪) કોઇ મિલકત ભાડે આપેલી ના હોય અને ખાલી હોય તો આગલા વર્ષમાં ભાડું આવેલ હોય તો તે વિગત તથા મ્યુનીસીપલ ટેક્ષ આકારણીની નોટીસ

(૩) ધંધાની આવક માટે :-

(૧) નફા નુકશાન ખાતું (૨) માલખાતા (૩) વ્યાજખાતું (૪) વ્યાજ કપાત ખાતું (૫) વ્યાજ કપાત રીફંડ ખાતું (૬) ઇન્કમટેક્ષ ખાતું (૭) એડવાન્સટેક્ષ ખાતું (૮) તમે જે TDS કરી હોય તે TDS ના ખાતા (૯) પગાર ખાતું (૧૦)ખર્ચ ખાતું (૧૧) ભાડાખાતું (૧૨) દાનખાતું (હોયતો) (૧૩) ઘસારાખાતું (૧૪) જે મિલકતનો ઘસારો નાખેલ હોય તે મિલકતના ખાતા (૧૫) એડવાન્સ ટેક્ષના ચલણો (૧૬) માલીક કે ભાગીદારના ખાતા (૧૭) પાકુ સરવૈયુ (૧૮) શેર વેચાણનો નફો હોય તો શેર ખરીદ તારીખ તથા રકમ અને વેચાણ તારીખ તથા રકમ (૧૯) સ્થાવર મિલકતો નફો હોયતો વેચાણ તારીખ અને વેચાણ રકમ તથા વેચાણ રકમ જંત્રી પ્રમાણે ન હોય તો જંત્રી પ્રમાણેની વેચાણ રકમ તથા ખરીદ તારીખ અને ખરીદ કિંમત (૨૦) સ્થાવર મિલકત ખરીદી કરી હોય

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com

તો દસ્તાવેજની નકલ અને દસ્તાવેજ જંત્રીની રકમ કરતા ઓછો કરેલો હોયતો જંત્રીની રકમ કેટલી છ (૨૧) જે બેંકોમાં ખાતા હોય તે બેંકના નામ, સરનામુ, એકાઉન્ટ નંબર, MICR કોડ, IFSC કોડ વિગેરે (૨૨) ફોરેનમાં કોઈ બેંકમાં ખાતુ હોય કે ફોરેનમાં કોઈ આવક થાતી હોયતો તેની વિગત (૨૩) ઓડિટ રીપોર્ટ (૨૪) ભાડાની આવક હોય તો સ્ટેટમેન્ટ કે જેમાં મિલ્કતનો મ્યુ. નંબર, ભાડાની રકમ, ભાડુવાતનું નામ, સરનામુ તથા તેનો P.A.No અને મ્યુ. ટેક્ષ ભરેલો હોય તો તેની વિગત (૨૫) વ્યાજ કપાત તથા કમીશન કપાત વિગેરેના From 16-A

ઉપર પ્રમાણેની વિગત વહેલાસર તૈયાર કરી મોકલશો જેથી સમયસર રીટર્ન તૈયાર કરી શકાય.

## -: સર્વિસ ટેક્ષ :-

(૧) **સર્વિસ ટેક્ષમાં નવા બજેટથી નીચે પ્રમાણે ફેરફાર થયાં છે.**

(૧) તારીખ.૧-૬-૨૦૧૫ થી સર્વિસ ટેક્ષનો દર ૧૪% થાય છે.
(હાલ સર્વિસટેક્ષનો દર ૧૨.૩૬% ૩૧-૫-૨૦૧૫ સુધી છે)

(૨) સ્વચ્છ ભારત શેષ ૨%ના દરે લાગુ પાડવાની જોગવાઈ બજેટમાં કરેલી છે પરંતુ તેના અમલની તારીખ જાહેર કરવામાં આવે ત્યારથી તે લાગશે. એટલે ત્યારથી સર્વિસ ટેક્ષનો દર ૧૪% + ૨% મળીને ૧૬% લાગશે.

(૩) સરકાર દ્વારા "Business Entity"ને પૂરી પાડવામાં આવતી પોસ્ટલ સર્વિસ, મુસાફર અથવા માલ સામાન નું પરિવહન, એરક્રાફ્ટ તેમજ જહાજને લગતી સેવાઓ સિવાયની બાકી બધી સેવાઓ ઉપર ગેઝેટમાં તારીખની જાહેરાત કરવામાં આવે તે તારીખથી સર્વિસટેક્ષ લાગુ પડશે પરંતુ આ સેવા ઉપર "રીવર્સ ચાર્જ મીકેનીઝમ" (RCM) હેઠળ આવી સરકારની સર્વિસ મેળવનાર Business Entity એ પોતે સર્વિસટેક્ષ ભરવાનો રહેશે.

(૪) ગવર્મેન્ટ લોકલ ઓથોરીટી કે ગવર્મેન્ટ ઓથોરીટીને પૂરી પાડવામાં આવતી કેટલીક બાંધકામની સર્વિસ જેના ઉપર સર્વિસટેક્ષ લાગતો ન હતો તે માફી તારીખ.૧-૪-૨૦૧૫ થી પાછી ખેંચવામાં આવેલ છે. તેવીજ રીતે બીજી કેટલીક સર્વિસ ઉપર સર્વિસ ટેક્ષ માફી Exemption હતી તે તારીખ. ૧-૪-૨૦૧૫ થી પાછી ખેંચવામાં આવેલ છે.

(૫) કેટલીક સર્વિસ ઉપર સર્વિસટેક્ષ લાગતો હતો તેને તારીખ ૧-૪-૨૦૧૫ થી માફી Exemption આપવામાં આવેલ છે જેમકે

(૧) દર્દીઓને એમ્બ્યુલન્સ દ્વારા પરિવહન (૨) વરિષ્ટ વિમા યોજના હેઠળની પોલીસી (૩) ફળો અને શાકભાજી ના મહત્વના ગુણધર્મોમાં ફેરફાર થાય નહિ તેવી સેવાઓ (૪) માલસામાન એક્ષપોર્ટ કરવા માટેઆપવામાં આવતી ટ્રાન્સપોર્ટેશન સર્વિસ વિગેરે

(૬) સર્વિસ ટેક્ષ કાયદાની જોગવાઈઓ ખૂબજ ટેકનીકલ છે એટલે જ્યાં જ્યાં જરૂર લાગે ત્યાં રૂબરૂ માર્ગદર્શન મેળવવું

અમે આશા રાખીએ છીએ કે ઉપર પ્રમાણે ઇન્કમટેક્ષ તથા સર્વિસટેક્ષની મુખ્ય બાબતોની છણાવટ અને માર્ગદર્શન આપને ઉપયોગી થશે. આ અંગે વિશેષ માહિતી માટે રૂબરૂ સંપર્ક કરવો.

લિ.

ધીરૂભાઈ પી. પોપટ - કનુભાઈ ડી. પોપટ
પીયુષભાઈ એન. પોપટ - નીખીલભાઈ કે. પોપટ

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com